## અગત્યની જાહેરાત

કમિશ્નરશ્રી આરોગ્ય , તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ) બ્લોક નં. ૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

કચેરીની જાહેરાત ક્રમાંકઃ૨/૨૦૧૨, ૫/૨૦૧૨ અને ૧૦/૨૦૧૨ અન્વયે કચેરી હસ્તકના ત્રણ પ્રભાગ હેઠળની લેબોરેટરી ટેકનીશીયન સંવર્ગની વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટે ઓજસ વેબસાઇટ પર ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવેલ હતી. ઓન લાઇન મળેલ અરજીના આધારે ઓજસ તરફથી મળેલ હંગામી મેરીટ યાદીને ધ્યાને લઇને ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણીનો વિગતવાર કાર્યક્રમ તા. ૨૭/૯/૧૨ થી તા. ૧/૧૦/૧૨ સુધી નિયત કરવામાં આવેલ છે. જેની વિગતો Health & family welfare Department ની http://www.gujhealth.gov.in વેબસાઇટ ઉપર લેટેસ્ટ ન્યુઝમાં ઓનલાઇન મુકવામાં આવેલ છે. તે મુજબના ઉમેદવારોએ હાજર રહેવાનું રહેશે.

| | |
|---|---|
| મેમ્બર સેક્રેટરી | ચેરમેન |
| (ભરતી સમિતિ-૧) | (ભરતી સમિતિ-૧) અને |
| અને ના.નિ.શ્રી(ગ્રા.આ) | ડીનશ્રી બી.જે. મેડીકલ કોલેજ (અમદાવાદ) |

Downloaded from www.rijadeja.com

## અગત્યની જાહેરાત

### કમિશ્નરશ્રી આરોગ્ય , તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ), બ્લોકનં. ૫, ડો. જીવરાજ મહેતા ભવન, કમિશ્નરશ્રી આરોગ્ય, ગાંધીનગર.

કચેરીની જાહેરાત ક્રમાંકઃ૨/૨૦૧૨, ૫/૨૦૧૨ અને ૧૦/૨૦૧૨ અન્વયે કચેરી હસ્તકના ત્રણ પ્રભાગ હેઠળની લેબોરેટરી ટેકનીશીયન વર્ગ-૩ સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા માટે ઓજસ વેબસાઇટ પર તા. ૧૮/૬/૨૦૧૨ થી ૭/૭/૨૦૧૨ દરમ્યાન ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવેલ હતી. ઓન લાઇન મળેલ અરજીના આધારે ઓજસ તરફથી મળેલ હંગામી મેરીટ યાદીને ધ્યાને લઇને ત્રણેય પ્રભાગના ઉમેદવારોની અલગ અલગ યાદીઓ તેમજ તે પૈકીના કોમન ૭૧૬ ઉમેદવારોની યાદી મુકેલ છે. હાજર રહેવા માટે કોમન યાદીના ક્રમાંક પ્રમાણેના ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમ નીચે દર્શાવેલ તારીખ, સમયે **વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરી, જીલ્લા ક્ષય કેન્દ્ર, સીવીલ હોસ્પીટલ કેમ્પસ, સેકટર-૧૨, ગાંધીનગર** ખાતે રાખવામાં આવેલ છે. જેમાં બીનચુક હાજર રહેવા જણાવવામાં આવે છે. ઉમેદવારોએ પોતાના સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનુ રહેશે.

| તારીખ | સમય | |
|---|---|---|
| | ૯.૩૦ થી ૧૩.૦૦ કલાક | ૧૩.૩૦ થી ૧૭.૦૦ કલાક |
| ૨૭/૯/૨૦૧૨ ગુરુવાર | ક્રમાંક - ૧ - ૭૫ | ક્રમાંક ૭૬ - ૧૫૦ |
| ૨૮/૯/૨૦૧૨ શુક્રવાર | ક્રમાંક ૧૫૧ - ૨૨૫ | ક્રમાંક ૨૨૬ - ૩૦૦ |
| ૨૯/૯/૨૦૧૨ શનિવાર | ક્રમાંક ૩૦૧ - ૩૭૫ | ક્રમાંક ૩૭૬ - ૪૫૦ |
| ૩૦/૯/૨૦૧૨ રવિવાર | ક્રમાંક ૪૫૧ - ૫૨૫ | ક્રમાંક ૫૨૬ - ૬૦૦ |
| ૧/૧૦/૨૦૧૨ સોમવાર | ક્રમાંક ૬૦૧ - ૬૭૫ | ક્રમાંક ૬૭૬ - ૭૧૬ |

**શરતો.**

ફકત વેબસાઇટ પર મુકેલ કોમન ૭૧૬ ઉમેદવારોઓએ અરજીમાં દર્શાવેલ વિગતોને ધ્યાને લઇને નીચે જણાવેલ અસલ દસ્તાવેજો તથા કરેલ ઓન લાઇન અરજીની નકલ સાથે દસ્તાવેજોની પ્રમાણીત નકલો (ત્રણ સેટમાં) તાજેતરના પાસપોર્ટ સાઇઝના ફોટા નંગ ત્રણ સાથે લાવવાના રહેશે.

(૧) ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ પાસ ની માર્કશીટ તથા શાળા છોડયાનું પ્રમાણપત્ર

(૨) બી.એસ.સી. પાસ કર્યા અંગેના વર્ષવાર તમામ માર્કશીટ, એટેમ્પ્ટ સર્ટી તથા ડીગ્રી સર્ટી.

(૩) લેબોરેટરી ટેકનીશ્યન તાલીમ કોર્ષ અંગે માર્કશીટ/ સર્ટીફીકેટ. આ ઉપરાંત લીધેલ ઉચ્ચ અભ્યાસ અંગેની માર્કશીટ તથા ડીગ્રી સર્ટીફીકેટ

(૪) અનુભવ અંગેનું પ્રમાણપત્ર તેમજ હાલમાં સરકારી/સરકાર માન્ય સંસ્થામાં ફરજ બજાવતા હોય તેવા ઉમેદવારોએ તેમના નિમણુંક આદેશની નકલ.

(૫) કોમ્પ્યુટર બેઝીક જાણકારીનું પ્રમાણપત્ર

Downloaded from www.rijadeja.com

(૬) જાતિ અંગેનું સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ પ્રમાણપત્ર,

(૭) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત સમયગાળા તથા તારીખનું પ્રમાણપત્ર અરજીમાં દર્શાવ્યા મુજબનું લાવવાનું રહેશે.

(૮) વિકલાંગ તબીબી પ્રમાણપત્ર (લાગુ પડતા ઉમેદવાર માટે)

(૯) ઉમેદવાર એકસ સર્વિસમેન હોય તે કિસ્સામાં જે તે ખાતા તરફથી ઇસ્યુ કરેલ ઓળખપત્ર અને ડીસ્ચાર્જ બુક લાવવાના રહેશે.

**ચકાસણી સમયે રજુ કરવાના થતા તમામ દસ્તાવેજો ઉપર દર્શાવેલ ક્રમમાં જ રજુ કરવાના રહેશે.**

**ખાસ નોંધઃ-**

પ્રમાણપત્રો ચકાસણીનો હેતુ ઉમેદવારો ધ્વારા ઓન લાઇન અરજી કરતી વખતે જે માહિતી દર્શાવેલ છે તે તથા જરૂરી પ્રમાણપત્રોની ચકાસણી / ખરાઇ કરવાનો હોવાથી આ કાર્યક્રમમાં હાજર રહેવાથી તેઓ નિમણુંકને હકકદાર બનતા નથી જેની દરેક ઉમેદવારે ખાસ નોંધ લેવી.

જો કોઇ ઉમેદવાર પ્રમાણપત્રોની ચકાસણી માટે ઉપસ્થિત રહેશે નહી તો તેઓ આ જગ્યા પર નિમણુંક મેળવવા ઇચ્છતા નથી તેમ માની ત્યાર પછીના ઉમેદવારોને તક આપવામાં આવશે અને ત્યાર બાદ તેઓનો આ જગ્યા માટે કોઇ હકક દાવો રહેશે નહી.

**મેમ્બર સેક્રેટરી**
**(ભરતી સમિતિ-૧)**
**અને ના.નિ.શ્રી(ગ્રા.આ)**

**ચેરમેન**
**(ભરતી સમિતિ-૧) અને**
**ડીનશ્રી બી.જે. મેડીકલ કોલેજ (અમદાવાદ)**

Downloaded from www.rijadeja.com